# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંદરમી ગુજરાત વિધાનસભા

### આઠમું સત્ર

## તારાંકિત પ્રશ્નોત્તરી
## મંગળવાર, ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬

----

**જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓ** **[સામાન્ય વહિવટ - બંદરો - ખાણ અને ખનિજ - માહિતી અને પ્રસારણ - તમામ નીતિ વિષયક બાબતો અને અન્ય કોઇ મંત્રીશ્રીઓને ન ફાળવેલ તમામ વિષયો - માર્ગ અને મકાન અને પાટનગર યોજના - મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન - બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ - મહિલા અને બાળ કલ્યાણ - વહિવટી સુધારણા અને તાલીમ - આયોજન - નર્મદા - કલ્પસર - જળસંપત્તિ - પાણી પુરવઠા ].**

**કુલ પ્રશ્નો 57**

----

### સુરત જિલ્લાના મીયાપુર શેખપુર મુડત મોરદેવી રોડને વાઈડનીંગ કરવા બાબત

15/8/269 *1 **શ્રી મોહનભાઇ ધનજીભાઇ ઢોડિયા (મહુવા (એસ.ટી.)):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના મહુવા તાલુકામાં મીયાપુર શેખપુર મુડત મોરદેવી રોડને વાઈડનીંગ કરવા બાબતે સરકારએ કોઈ કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) ઉકત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે?

----

### મહિસાગર જિલ્લામાં જમીન માપણી/રી સર્વે અંતર્ગત રહી ગયેલ ભુલો સુધારવાની અરજીઓ

15/8/108 *2 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહિસાગર જિલ્લામાં તાલુકાવાર ખેડૂતોની જમીન માપણી/રીસર્વે અંતર્ગત થયેલ ભૂલો સુધારવા કેટલી અરજીઓ સરકારને મળી,

(૨) ઉકત અરજીઓ અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલી ભૂલો સુધારવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ કેટલા સમયથી પડતર છે?

----

## પાલનપુર-ગોબરી રોડ પર રેલ્વે ઓવરબ્રીજ બનાવવા

15/8/271 *3 **શ્રી અનિકેત ગિરીશભાઇ ઠાકર (પાલનપુર):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાલનપુર-ગોબરી રોડ પર લેવલ ક્રોસીંગ નં.૧૬૯ પર રેલ્વે ઓવરબ્રીજની કામગીરી મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો કેટલી રકમનું કામ મંજૂર કરવામાં આવેલ છે?

----

## રાજકોટ જિલ્લામાં જુથ યોજના

15/8/188 *4 **શ્રી ઉદય કાનગડ (રાજકોટ પૂર્વ):**

**પાણી પુરવઠા :-**

માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના રાજકોટ અને જસદણ તાલુકા માટે જુથ પાણી પુરવઠા યોજનાના કામ હાથ ધરવામાં આવેલ છે, કે કેમ,

(૨) આ યોજનામાં કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે,

(૩) આ યોજનાની અંદાજિત રકમ કેટલી છે, અને

(૪) આ યોજનાનો લાભ કેટલી વસ્તીને મળનાર છે?

----

## ગીર સોમનાથ જિલ્લાના સૈયદ રાજપરા ગામે દરિયાઈ ધોવાણ અટકાવવા બાબત

15/8/205 *5 **શ્રી કાળુભાઇ ચનાભાઇ રાઠોડ (ઉના ):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી( રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના સૈયદ રાજપરા ગામે દરિયાઈ ધોવાણ અટકાવવાની કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ તે કયા તબક્કે છે, અને

(૩) કામગીરી થવાથી કેટલા વિસ્તારને લાભ થનાર છે?

----

## બનાસકાંઠા જિલ્લામાં આવેલ કવોરીઓ (બ્લેક ટ્રેપ)

15/8/94 *6 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):**

**ખાણ અને ખનિજ :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં આવેલ ભેમાલ ગામ અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં કેટલી કવોરીઓ (બ્લેક ટ્રેપ) આવેલ છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી લીઝો સરકાર દ્વારા એ.ટી.આર. અંતર્ગત બંધ કરવામાં આવેલ છે,

(૩) ઉકત લીઝો બંધ કર્યા બાદ પણ કાર્યરત હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૪) ઉકત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## પાટણ જિલ્લામાં સરકારી જમીન પર દબાણ

15/8/122 *7 **ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં

તાલુકાવાર કેટલી સરકારી જમીનોમાં ગેરકાયદે દબાણો કેટલા સમયથી ઉભા કરવામાં આવ્યા છે,

(૨) ઉકત સ્થિતિએ તાલુકાવાર કેટલા દબાણકર્તાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉકત દબાણો ખુલ્લા કરવા માટે શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે?

----

## બોટાદ શહેર ફરતે રિંગરોડ બનાવવાની કામગીરી

15/8/65 *8 **શ્રી ઉમેશભાઇ નારણભાઇ મકવાણા (બોટાદ):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ બોટાદ શહેર ફરતે રિંગરોડ બનાવવા માટેની સર્વેની કામગીરી હાલ કયા તબક્કે છે,

(૨) ઉકત સ્થિતિએ રિંગરોડ કુલ કેટલા રૂપિયાના ખર્ચે બનાવવામાં આવનાર છે, અને

(૩) ઉકત રિંગરોડ કુલ કેટલા કિલોમીટરની લંબાઈ અને કેટલી પહોળાઈ વાળો બનાવવામાં આવનાર છે?

----

## અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં બિનખેતી કરવા બાબત

15/8/336 *9 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ખેતીની કેટલી જમીનોને એન.એ. (નોન એગ્રીકલ્ચર)માં ફેરવવામાં આવી,

(૨) ઉકત જમીનો એન.એ. કરવાથી બંને જિલ્લાઓમાં ખેતીલાયક કેટલી જમીનો ઓછી થઈ, અને

(૩) ઉકત સ્થિતિએ બંને જિલ્લાઓમાં ખેતીલાયક જમીનો એન.એ. કરવાથી સરકારને કેટલી રકમની આવક થઈ?

----

## રાજકોટ જિલ્લામાં આંતરીક પાણી પુરવઠા યોજનાની હેલ્પલાઈન પર મળેલ ફરિયાદો

15/8/185 *10 **ડૉ. મહેન્દ્રભાઇ પાડલિયા (ધોરાજી):**

**પાણી પુરવઠા :-**

માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં ગ્રામીણ કક્ષાની આંતરીક પાણી પુરવઠા યોજનાઓ માટે ૧૯૧૬ હેલ્પ લાઈન પર કેટલી ફરિયાદો મળી, અને

(૨) ઉકત સ્થિતિએ ઉકત મળેલ ફરિયાદો પૈકી કેટલાનો નિકાલ કરવામાં આવ્યો?

----

## ભાવનગર જિલ્લાની પસવી જુથ સુધારણા પાણી પુરવઠા યોજના

15/8/190 *11 **શ્રી શિવાભાઇ જેરામભાઇ ગોહિલ (મહુવા):**

**પાણી પુરવઠા :-**

માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાના ગામોને આવરી લેતી પસવી જુથ સુધારણા પાણી પુરવઠા યોજના ભાગ-૦૨ની અમલીકરણની કોઈ કામગીરી હાથ ધરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજનામાં કેટલા તાલુકા અને ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે, અને

(૩) આ યોજનાની અંદાજીત કિંમત શું છે?

----

## રાજ્યમાં પોષણ સુધા યોજના

15/8/235 *12 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્પાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પોષણ સુધા યોજનામાં એક ડિશ ભોજન માટે કેટલી રકમ વસૂલવામાં આવે છે, અને

(૨) આ ભોજનની ડીશનું મેનુ શું છે?

----

## નર્મદા કેનાલમાં તળાવો ભરવા માટેની પાઈપલાઈનો તૂટી જવાની ઘટના

15/8/52 *13 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિમંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને પાટણ જીલ્લામાં નર્મદા કેનાલથી ગામના તળાવો ભરવા માટે ઉપયોગમાં લેવાતી પાઈપલાઈનો તૂટી જવાની કેટલી ફરિયાદો મળી, અને

(૨) ઉકત સ્થિતિએ મળેલ ફરિયાદો પરત્વે શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે?

----

## નાની જડુલી અને મોટીજડુલી ગામે મેણ નદી ઉપર પુલ બનાવવા બાબત

15/8/224 *14 **શ્રી અભેસિંહ મોતીભાઇ તડવી (સંખેડા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં નસવાડી તાલુકામાં નાની જડુલી અને મોટીજડુલી ગામે મેણ નદી ઉપર પુલ બનાવવાનું કામ મંજુર થયેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ કેટલી રકમની મંજૂરી મળેલી છે, અને

(૩) આ પુલ બનવાથી કેટલા ગામોને લાભ થશે ?

----

## વિસાવદર તાલુકાના સરસઈ ગામે ધ્રાફડ નદી ઉપર મેજર બ્રીજના અધૂરા કામ બાબત

15/8/212 *15 **શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઇટાલીયા (વિસાવદર):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી(માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિસાવદર તાલુકાના સરસઈ ગામે ધ્રાફડ નદી ઉપર મેજર બ્રીજનું કામ કરનાર ઈજારદારે કામ અધૂરું છોડી દીધેલ છે તે હકીકત સાચી છે,
(૨) જો હા, તો ઉક્ત કામ કયા વર્ષમાં કેટલા રૂપિયાના ખર્ચે મંજુર કરવામાં આવેલ હતું,
(૩) ઉક્ત સ્થિતિએ અધૂરા કામને પુરું કરવા માટે રીટેન્ડરીંગ કરવા સરકારને કેટલી દરખાસ્તો મળેલ છે, અને

(૪) ઉક્ત કામ અધૂરું છોડી દેવાના કારણે સરકારને કેટલા રૂપિયાનું નુકશાન થયેલ છે?

----

## બનાસકાંઠા જિલ્લામાં નવા પાતાળકુવા બનાવવા

15/8/191 *16 **શ્રી કેશાજી શિવાજી ચૌહાણ (દિયોદર):**

**પાણી પુરવઠા :-**

માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પાણી પુરવઠા વિભાગ દ્વારા કેટલા નવા પાતાળકુવા કરવામાં આવ્યા, અને

(૨) જે પૈકી ઉકત સ્થિતિએ કેટલા પાતાળકુવામાંથી પાણી પુરવઠો ચાલુ કરવામાં આવ્યો?

----

## છોટાઉદેપુર જીલ્લામાં કાર્યરત આંગણવાડી કેન્દ્રો

15/8/148 *17 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્પાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છોટાઉદેપુર જીલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્ર/ પેટા કેન્દ્રો કાર્યરત છે, અને
(૨) ઉક્ત સ્થિતિએ ઉકત આંગણવાડી કેન્દ્ર/પેટા કેન્દ્ર પૈકી કેટલા કેન્દ્રોના મકાન બનાવવાની કામગીરી કયા તબક્કામાં છે ?

----

## મોરબી મહાનગરપાલિકાના વિસ્તાર બહાર રીંગ રોડ બનાવવા બાબત

15/8/117 *18 **શ્રી દુર્લભજીભાઇ હરખજીભાઇ દેથરીયા (ટંકારા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી શહેર ફરતે રીંગ રોડ બનાવવા માટેની કેટલી રજુઆતો રાજ્ય સરકારને મળેલ છે, અને

(૨) ઉકત મળેલ રજુઆતો પૈકી સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે?

----

## ખેડવા જળાશય આધારિત ડિસ્ટ્રી-૨ને એમ.એસ. પાઈપલાઈન વડે નવીનીકરણ કરવા

15/8/58 *19 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ખેડવા જળાશય આધારિત ડિસ્ટ્રી-૨ને એમ.એસ. પાઈપલાઈન વડે નવીનીકરણ કરવા માટેની દરખાસ્ત સરકારને કયારે મળી,

(૨) ઉકત સ્થિતિએ ઉકત દરખાસ્ત અન્વયે કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૩) ઉકત કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

----

## નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી બાકી વસુલાત

15/8/46 *20 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**નર્મદા :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી(નર્મદા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા બંધ અંતર્ગત મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્ર પાસેથી ટ્રીબ્યુનલ ચુકાદા મુજબ કેટલી રકમ કયારથી વસુલવાની બાકી છે,

(૨) ઉકત સ્થિતિએ ઉકત બાકી રકમ મેળવવા માટે છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ઉકત રાજ્યો સાથે કયારે બેઠકો યોજવામાં આવી, અને

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉકત બાકી રકમમાંથી કેટલી રકમ કયા રાજ્યો પાસેથી પ્રાપ્ત થઈ?

----

## દાહોદ જિલ્લાના પાટાડુંગરી ડેમ આધારિત જુથ યોજના

15/8/187 *21 **શ્રી કનૈયાલાલ બચુભાઇ કિશોરી (દાહોદ):**

**પાણી પુરવઠા :-**

માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ દાહોદ જિલ્લાના દાહોદ તાલુકા માટે

પાટાડુંગરી ડેમ આધારિત કોઈ પાણી પુરવઠા યોજનાનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ,

(૨) આ યોજનામાં કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે, અને

(૩) આ યોજનાનો અંદાજિત ખર્ચ શું છે?

----

## પંચમહાલ જિલ્લામાં નલ સે જલ યોજના અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ

15/8/30 *22 **શ્રી જેઠાભાઇ આહીર(ભરવાડ) (શહેરા):**

**પાણી પુરવઠા :-**
માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં નલ સે જલ યોજના હેઠળ તાલુકાવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ શહેરા તાલુકામાં કેટલા કામો પુર્ણ કરી કેટલી ગ્રાન્ટનો ખર્ચ કરવામાં આવ્યો,

(૩) ઉકત યોજનામાં કામો પુર્ણ કરેલ નથી અને પીવાનું પાણી મળતુ નથી તે પ્રકારની કેટલી રજુઆતો મળી, અને

(૪) ઉકત રજુઆતો બાબતે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## નર્મદા અને દાહોદ જિલ્લામાં કુપોષિત બાળકો

15/8/17 *23 **શ્રી ચૈતરભાઇ દામજીભાઇ વસાવા (દેડીયાપાડા):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**
માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ નર્મદા અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

(૨) ઉકત સ્થિતિએ કુપોષણના નિવારણ માટે સરકારશ્રી દ્વારા શાં પગલાં લેવામાં આવેલ છે, અને

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુપોષિત બાળકોની સંખ્યામાં કેટલો વધારો/ ઘટાડો નોંધાયેલ છે?

----

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં ગૌચરની જમીન બાબત

15/8/248 *24 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં ગામવાર ગૌચરની કેટલી જમીન આવેલી છે,
(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ગામોમાં ગૌચરની ઘટ છે, અને
(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત ઘટ ધરાવતા ગામોમાં ગૌચર નીમ કરવા શી કાર્યવાહી હાથ ધરેલ છે?

----

## ભરૂચ જિલ્લાના અંકલેશ્વર પાનોલી રોડને રિસર્ફેસિંગ કરવા બાબત

15/8/268 *25 **શ્રી રમેશભાઇ નારણદાસ મિસ્ત્રી (ભરૂચ):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકામાં અંકલેશ્વર પાનોલી વાયા ઉમરવાડા આલુંજ રોડને રિસર્ફેસિંગ કરવા બાબતે સરકારએ કોઈ કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) ઉકત કામગીરી હાલ કયા તબક્કે છે?

----

## ગાંધીનગર-માણસા રોડ પર રેલ્વે ઓવરબ્રીજ બનાવવા

15/8/272 *26 **શ્રી જયંતિભાઇ સોમાભાઇ પટેલ (માણસા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર-માણસા રોડ પર લેવલ ક્રોસીંગ નં.૯ ખાતે રેલ્વે ઓવરબ્રીજ બનાવવાનું આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલી રકમનું કામ મંજૂર કરવામાં આવેલ છે?

----

## કચ્છ જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળના માર્ગો

15/8/6 *27 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી(માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જીલ્લામાં તાલુકાવાર મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ કેટલા માર્ગોને રીસરફેસ કરવા માટે માંગણીઓ આવી,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલા માર્ગો મંજુર કરવામાં આવ્યા,

(૩) તે પૈકી બે વર્ષથી રીસરફેસ ન થયેલ માર્ગો કેટલા છે,અને

(૪) ઉકત સ્થિતિએ ઉક્ત કામો પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

## મુન્દ્રા તાલુકામાં મુન્દ્રા જુથ સુધારણા પાણી પુરવઠા યોજના

15/8/189 *28 **શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી (ગાંધીધામ):**

**પાણી પુરવઠા :-**

માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ મુન્દ્રા તાલુકાની મુન્દ્રા જુથ સુધારણા પાણી પુરવઠા યોજનાનું અમલીકરણ હાથ ધરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) ઉકત સ્થિતિએ આ જુથ યોજનામાં કેટલા ગામો/શહેરોનો સમાવેશ કરવામાં આવેલ છે?

----

## પંચમહાલ જિલ્લાના કાલોલ બાયપાસ રોડને ચારમાર્ગીય બનાવવા

15/8/270 *29 **શ્રી ફતેસીંહ વખતસીંહ ચૌહાણ (કાલોલ):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જીલ્લાના કાલોલ બાયપાસ રોડ ચાર માર્ગીયકરણ કરવા માટે સરકારએ કોઈ કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ,

(૨) જો હા, તો કેટલી લંબાઈ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને

(૩) ઉકત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે?

----

## વલસાડ જિલ્લામાં પાણીની ટાંકી બનાવવા બાબત

15/8/306 *30 **શ્રી રમણલાલ નાનુભાઇ પાટકર (ઉમરગામ ):**

**પાણી પુરવઠા :-**

માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં પાણી પુરવઠા વાસ્મો, ન્યુ ગુજરાત પેટ્રન હેઠળ કેટલી પાણીની ટાંકી બનાવામાં આવેલ છે,

(૨) ઉકત સ્થિતિએ આ ટાંકી પૈકી કેટલી બંધ હાલતમાં છે, અને

(૩) ઉકત સ્થિતિએ બંધ હાલતની ટાંકીઓને કાર્યરત કરવા સરકારે શું કાર્યવાહી હાથ ધરેલ છે?

----

## રાજ્યમાં અભયમ મહિલા હેલ્પલાઈન યોજના પાછળ થયેલ ખર્ચ

15/8/384 *31 **શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા (ગોંડલ):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્પાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) ૧૮૧ મહિલા હેલ્પલાઈનના કર્મચારીઓ મહિલાઓની સમસ્યા વધુ સારી રીતે ઉકેલી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે, અને

(૨) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન યોજનામાં રાજ્ય સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## દાહોદ અને મહિસાગર જિલ્લામાં નલ સે જલ યોજના અંતર્ગત થયેલ ગેરરીતીઓ

15/8/398 *32 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**પાણી પુરવઠા :-**

માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નલ સે જલ યોજનામાં દાહોદ અને મહિસાગર જિલ્લામાં ભ્રષ્ટાચારની કેટલા ગામોની કેટલી ફરિયાદો નોંધાઈ છે, અને

(૨) ઉકત ફરિયાદો સંદર્ભે શી કાર્યવાહી કરવામાં આવેલ છે?

----

## તાપી-કરજણ લીફટ ઈરીગેશન પાઈપલાઈન યોજના

15/8/200 *33 **શ્રી મોહનભાઈ ઢેડાભાઈ કોંકણી (વ્યારા):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ઉકાઈ જળાશય આધારિત તાપી-કરજણ લીફટ ઈરીગેશન પાઈપલાઈન યોજનાની કામગીરી હાલમાં કયા તબક્કે છે,

(૨) આ યોજનાની અંદાજિત રકમ કેટલી છે અને તે પૈકી ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) ઉકત સ્થિતિએ આ યોજનાથી કયા જિલ્લાના કયા તાલુકાના કેટલા ગામોને સિંચાઈનો લાભ મળનાર છે?

----

## કામકાજના સ્થળે મહિલાઓની સુરક્ષા અને સલામતી માટે યોજાયેલ સેમીનાર

15/8/386 *34 **શ્રી ચૈતન્ય મકરંદભાઇ દેસાઇ (અકોટા):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્પાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કામકાજના સ્થળે મહિલાઓની સુરક્ષા અને સલામતી માટે કેટલા સેમીનાર કરવામાં આવેલ છે, અને

(૨) ઉકત સ્થિતિએ આ સેમીનારમાં કેટલી મહિલાઓને આ કાયદાથી અવગત કરવામાં આવેલ છે?

----

## મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં આંગણવાડીઓના મહેકમ બાબત

15/8/109 *35 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્પાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર આંગણવાડીઓમાં કર્મચારીઓનું મંજુર મહેકમ કેટલું છે,

(૨) ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉકત ઘટ પૂરવા માટે શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે?

----

## બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં ગેરકાયદેસર ખનન

15/8/95 *36 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):**

**ખાણ અને ખનિજ :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં ગેરકાયદેસર રેતી ખનન, રેતી ચોરી અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) ઉકત સ્થિતિએ ઉકત ફરિયાદો અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી?

----

## રાજ્ય સરકારના પ્રચાર પ્રસાર માટે થયેલ ખર્ચ

15/8/124 *37 **ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**માહિતી અને પ્રસારણ :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારના પ્રચાર-પ્રસાર માટે માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા પ્રિન્ટ-ડીજીટલ અને સોશ્યલ મીડીયામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) ઉકત સ્થિતિએ આ અંગે પ્રચાર-પ્રસાર માટે કેટલી એજન્સીઓ નક્કી કરવામાં આવેલ, અને

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રિન્ટ, ડીજીટલ અને સોશ્યલ મીડીયાની કેટલી એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવી?

----

## બોટાદ જિલ્લામાં નવા આંગણવાડી કેન્દ્રો મંજૂર કરવા બાબત

15/8/165 *38 **શ્રી ઉમેશભાઇ નારણભાઇ મકવાણા (બોટાદ):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્પાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લામાં કેટલા નવા આંગણવાડી કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યા છે,

(૨) ઉકત સ્થિતિએ કેટલા રૂપિયાના ખર્ચે કેટલા નવા આંગણવાડી કેન્દ્રો બનાવવામાં આવનાર છે, અને

(૩) ઉકત સ્થિતિએ બોટાદ જિલ્લામાં હાલ કેટલા આંગણવાડી કેન્દ્રો જર્જરિત હાલતમાં છે?

----

## નર્મદા યોજનામાં ભાગીદાર રાજ્યો પાસેથી બાકી વસુલાત

15/8/338 *39 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા):**

**નર્મદા :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર સરોવર નર્મદા યોજના અન્વયે કયા રાજ્યો પાસેથી રાજ્ય સરકારે કેટલી રકમ લેવાની થાય છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ વિવાદિત અને બિનવિવાદિત પેટેની કુલ કેટલી રકમ અને કેટલું વ્યાજ રાજ્યવાર લેવાનું થાય છે, અને

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાકી નીકળતી રકમ મેળવવા માટે સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી?

----

## રાજ્યમાં ટોલ પ્લાઝાના નિયમન બાબત

15/8/53 *40 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી(માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં નિયમાનુસાર ટોલ પ્લાઝા પાસે સર્વિસ રોડ હોવો જરૂરી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા,તો ઉકત સ્થિતિએ બનાસકાંઠા જીલ્લામાં કેટલા ટોલ પ્લાઝા પાસે ઉકત સર્વિસ રોડના નિયમનું પાલન થતુ નથી?

----

## છોટાઉદેપુર જિલ્લામાં સંખેડા તાલુકામાં ઢાઢર નદી ઉપર કંટેશ્વર ગામ પાસે પુલ બનાવવા બાબત

15/8/225 *41 **શ્રી અભેસિંહ મોતીભાઇ તડવી (સંખેડા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં સંખેડા તાલુકામાં ઢાઢર નદી ઉપર કંટેશ્વર ગામ પાસે પુલ મંજૂર કરવામાં આવ્યો છે કે કેમ,

(૨) જો હા,તો ઉકત સ્થિતિએ પુલ બનાવવા માટે કેટલી રકમની મંજૂરી મળેલ છે, અને

(૩) પુલ બનવાથી કેટલા ગામોને લાભ થશે?

----

## વિસાવદર તાલુકાના મોણીયા વડલી ફાટક રોડ રિસરફેસ કરવા બાબત

15/8/213 *42 **શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઇટાલીયા (વિસાવદર):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જીલ્લાના વિસાવદર તાલુકાના મોણીયા ગામથી સરસઈ થઇ સતાધાર યાત્રાધામને જોડતા મોણીયા વડલી ફાટક રોડને રીસરફેસ કરવા સરકારને કેટલી દરખાસ્તો મળેલ છે,

(૨) ઉક્ત મળેલ દરખાસ્તો બાબતે સરકાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી,

(૩) ઉકત દરખાસ્ત નામંજૂર કરેલ હોય તો તેના કારણો શાં છે, અને

(૪) ઉક્ત રોડને ક્યાં સુધીમાં રિસરફેસ કરવામાં આવનાર છે?

----

## ભરૂચ જિલ્લામાં ઈ.પી.સી.ના ધોરણે ભાડભૂત બેરેજના બાંધકામ

15/8/57 *43 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**કલ્પસર :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના ભાડભુત ગામથી દોઢ કી.મી. હેઠવાસમાં ઈ.પી.સી.ના ધોરણે બેરેજના બાંધકામ માટેના અભ્યાસો કયારે પૂર્ણ કરવામાં આવ્યા,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકત બાંધકામ માટે કેટલી જમીન સંપાદન કરવામાં આવી, અને

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકત બાંધકામ માટે કેટલો ખર્ચ કરવામાં

આવ્યો?

----

## વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત માહિતી વિભાગ દ્વારા કરવામાં આવેલ ખર્ચ

15/8/47 *44 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**માહિતી અને પ્રસારણ :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી(માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ઓકટોમ્બર-૨૦૨૫ માં વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત માહિતી વિભાગ દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) ઉકત સ્થિતિએ ઉકત ખર્ચ અન્વયે માહિતી વિભાગ દ્વારા કયા વિભાગોને કેટલી રકમના બીલો માટે ચૂકવણા પત્ર લખવામાં આવ્યા, અને

(૩) ઉકત સ્થિતિએ કયા વિભાગો દ્વારા ખર્ચની પૂર્ણ કે આંશિક રકમ જમા કરાવવામાં આવી?

----

## પંચમહાલ જિલ્લામાં જળસંપત્તિ પ્રભાગ હસ્તકની કચેરીઓ

15/8/31 *45 **શ્રી જેઠાભાઇ આહીર(ભરવાડ) (શહેરા):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં જળસંપત્તિ હસ્તકની કેટલી કચેરીઓ આવેલ છે,

(૨) તે પૈકી સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલુ છે અને તે પૈકી હાલ કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવી ખાલી જગ્યાઓના કારણે કેટલા કામો પડતર રહેલ છે, અને

(૪) ઉકત બાકી કામો પુર્ણ કરવા શી કાર્યવાહી કરવામાં આવી?

----

## સાપુતારા-સ્ટેચ્યુ ઓફ યુનીટીને જોડતા ગ્રીન કોરીડોરની કામગીરી

15/8/18 *46 **શ્રી ચૈતરભાઇ દામજીભાઇ વસાવા (દેડીયાપાડા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં સાપુતારા-સ્ટેચ્યુ ઓફ યુનીટી ગ્રીન કોરીડોરમાં કેટલા ગામોની કેટલી જમીન સંપાદિત થનાર છે,

(૨) ઉકત સ્થિતિએ જમીન સંપાદન માટે પેસા એકટ મુજબ ગ્રામસભાઓની સહમતિ મળેલ છે કે કેમ, અને

(૩) ઉકત સ્થિતિએ કામગીરી હાલ કયા તબક્કે છે?

----

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શૂન્ય ગૌચર

15/8/273 *47 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧ /૧૨/૨૦૨૫ ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં તાલુકાવાર ક્યાં ં ગામોમાં ગૌચર શૂન્ય છે અને કેટલા ગામોમાં લઘુત્તમ માપદંડ કરતા ઓછુ ગૌચર છે,

(૨) ઉકત ગામોમાં શૂન્ય ગૌચર થવાના તથા લઘુત્તમ માપદંડથી ઓછુ ગૌચર થવાના શા કારણો છે.

(૩) શૂન્ય ગૌચર તથા લઘુત્તમ ગૌચરથી ઓછુ ગૌચર ધરાવતા ગામોમાં વૈકલ્પિક જમીન નીમ કરવા માટે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી હાથ ધરવામાં આવી, અને

(૪) ઉકત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

----

## કચ્છ જીલ્લામાં ગૌચર જમીનની ફાળવણી

15/8/7 *48 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જીલ્લામાં ગુજરાત ગૌચર વ્યવસ્થાપન પોલીસીની જોગવાઈનો ભંગ કરીને ગૌચરની કેટલી જમીન ક્યાં હેતુ માટે ફાળવવામાં આવી,

(૨) ઉક્ત ફાળવવામાં આવેલ જમીનની સામે કેટલી વૈકલ્પિક જમીન ગૌચર તરીકે નીમ કરવામાં આવી,અને

(૩) ઉક્ત પૈકી બાકી રહેલ વૈકલ્પિક જમીન ગૌચર તરીકે ક્યાં સુધીમાં નીમ કરવામાં

આવનાર છે?

----

## નર્મદા યોજનામાં ભાગીદાર રાજ્યો પાસેથી બાકી વસુલાત

15/8/402 *49 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**નર્મદા :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર સરોવર નર્મદા યોજનાના ભાગીદાર કયા રાજ્ય પાસેથી કેટલી રકમ લેવાની નીકળે છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા રાજ્ય પાસેથી કેટલી રકમ મળી, અને

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકત બાકી રકમ વસુલવા શી કાર્યવાહી કરવામાં આવી?

----

## આંગણવાડી વર્કર અને હેલ્પરના પગાર વધારા બાબત

15/8/110 *50 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્પાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં આંગણવાડી વર્કર અને હેલ્પરના પગાર/વેતન ઓછું મળતું હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી?

----

## બનાસકાંઠા જિલ્લામાં સુજલામ સુફલામ જલસંચય યોજના

15/8/96 *51 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):**

**જળસંપત્તિ :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુજલામ સુફલામ જલસંચય યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના માસ્ટર પ્લાન અન્વયે દાંતા અને અમીરગઢ તાલુકામાં કેટલા કામો કરવામાં આવ્યા,

(૨) ઉકત સ્થિતિએ ઉકત કામો કયા તબક્કે છે, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થયો?

----

## છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના નાગરવાડા મુકામે ઉચ્છ નદી ઉપર પુલ બનાવવા બાબત

15/8/226 *52 **શ્રી અભેસિંહ મોતીભાઇ તડવી (સંખેડા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના નાગરવાડા મુકામે ઉચ્છ નદી ઉપર પુલ બનાવવાનું કામ ક્યારે મંજુર થયું અને તે માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે,
(૨) આ પુલ બનવાથી કેટલા ગામોને ફાયદો થશે, અને
(૩) ઉકત કામગીરી હાલ કયા તબક્કે છે?

----

## જૂનાગઢ જીલ્લામાં કોન્ટ્રાક્ટર્સ દ્વારા અધૂરા મુકવામાં આવેલ રોડના કામો બાબત

15/8/214 *53 **શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઇટાલીયા (વિસાવદર):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી(માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તાઃ૨૦/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જીલ્લામાં માર્ગ મકાન વિભાગ હસ્તકના પંચાયતના રોડ-રસ્તાના કામ કરવા માટે વર્કઓર્ડર મળ્યા બાદ કોન્ટ્રાક્ટર દ્વારા કોઇપણ તબક્કે અધૂરું છોડી દીધા હોય તેવા કયા રસ્તાઓ કયા તબક્કે પડતર છે,
(૨) ઉક્ત સ્થિતિએ પડતર કામો પૈકી ક્યા કયા કામો કેટલી રકમથી રીટેન્ડરીંગ મંજુર કરવામાં આવ્યા છે, અને
(૩) ઉકત સ્થિતિએ રીટેન્ડરીંગથી મંજુર થયેલ કામો કયાં સુધીમાં પુરા કરવામાં આવશે?

----

## પંચમહાલ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને રકમ ફાળવવા

15/8/32 *54 **શ્રી જેઠાભાઇ આહીર(ભરવાડ) (શહેરા):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લાના તાલુકાવાર આંગણવાડી કેન્દ્રો માટે કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) ઉકત રકમનો ખર્ચ કયા કયા હેતુ માટે કરવામાં આવ્યો?

----

**નર્મદા જિલ્લામાં ઝરવાણી જુથ પાણી પુરવઠા યોજના**

15/8/19 *55 **શ્રી ચૈતરભાઇ દામજીભાઇ વસાવા (દેડીયાપાડા):**

**પાણી પુરવઠા :-**

માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં ઝરવાણી જુથ પાણી પુરવઠા યોજનાની કામગીરી કયા તબક્કે છે,

(૨) ઉકત કામગીરી માટે છેલ્લા બે વર્ષમાં કેટલી નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે,

(૩) ઉકત જુથ પાણી પુરવઠા યોજનામાં કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે, અને

(૪) ઉકત યોજના કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે?

----

**સરકારી જમીનો સ્પેશિયલ ઈકોનોમિક ઝોન માટે ફાળવવા**

15/8/275 *56 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સરકારી જમીનો જ્યારે SEZ માટે ફાળવવામાં આવે છે, ત્યારે ડેવલોપરે નિયમ મુજબ સ્ટેમ્પ ડ્યુટી ભરવાની રહે છે કે કેમ,
(૨) જો હા, તો કચ્છ જીલ્લામાં કેટલા ડેવલોપર્સ પાસેથી આવી રકમ વસૂલવાની બાકી છે અને ઉકત બાકી રકમની વસુલાત માટે સરકારે શાં પગલાં લીધા છે,
(૩) ઉક્ત સ્થિતિએ SEZ ડેવલોપર્સને સ્ટેમ્પ ડ્યુટીમાં કોઈ ખાસ માફી આપવામાં આવી છે કે કેમ, અને

(૪) જો હા, તો કેટલા ડેવલોપર્સ ને કેટલા રૂપિયાની રાહત આપવામાં આવી ?

----

**કચ્છ જીલ્લામાં ડિસેલીનેશન પ્લાન્ટ બાબત**

15/8/8 *57 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**પાણી પુરવઠા :-**

માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ કચ્છ જીલ્લામાં દરિયાના ખારા પાણીને ડીસેલીનેશન દ્વારા મીઠુ પાણી બનાવવાના પ્રોજેક્ટની કામગીરી ક્યાં તબક્કે છે,
(૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરી પ્રોજેક્ટ કાર્યાન્વિત કરવામાં આવનાર છે,અને
(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકત પ્રોજેકટો માટે કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી અને તે પૈકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે?

----